# સરકાર, સુપ્રીમ કોર્ટ અને સોશયલ મીડિયા વચ્ચે ફેલાતી અરવલ્લીની અવઢવ



**અરવલ્લી વિશે છેલ્લા દિવસોમાં જે કંઈ તથ્યો આવ્યા તે મુદ્દાની સમજ અને આપણા સમાજના વલણનો ચિતાર ઉપર દર્શાવ્યો છે. પરંતુ વધુ તથ્યો અને કાયદાની રીતે જોઈએ તો ખરેખર અરવલ્લીના મુદ્દે શું થયું અને શું થઈ શકે તે અંગે વાત કરીએ. અરવલ્લીના ગિરીમાળા પર અત્યારે જે જોખમ ઊભું થયું છે - તેની શરૂઆત તો અનેક વર્ષોથી થઈ ચૂકી છે**

## પગરવ

★ પ્રશસ્ત પંડયા

ગાઢ જંગલોમાં વિહરવું, દરિયા કિનારે નિરાંતે બેસવું અને નદીના પટમાં લટાર મારવાનું કોને ન ગમે? આ લાહવો લેવા માટે સરેરાશ શહેરનિવાસીઓ તલસતા હોય છે; અને તક મળે તો ચૂકતા નથી. કુદરતની સુંદરતા અને વૈવિધ્ય અપાર છે. તેનો આનંદ આપણે લઈએ છીએ. પરંતુ જ્યારે તેને સુરક્ષિત રાખવાની કે બચાવવાની વાત આવે ત્યારે માનવજાતિની પીછેહઠનો ક્રમ હંમેશનો છે. તેમાં ક્યારેક કોઈક વીરલા કે પછી નાનકડો સમૂહ પર્યાવરણને સુરક્ષિત રાખવા વિરોધ કરવા મેદાને પડે છે; પરંતુ તે પછી સૌથી મોટો પડકાર સરકાર અને ઉદ્યોગગૃહો સામે લડવાનો આવે છે. આવી લડત સતત ચાલતી આવી છે અને તેમાં જીત મહદંશે કુદરતનો વિનાશ વેરનારની થાય છે!

ઉપર લખેલી વાત નકરાત્મક લાગે; પણ તે વાસ્તવિકતા છે અને ફરી વાર દેશમાં એક એવા ન્યૂઝ આવ્યા છે જેનાથી સૌથી પ્રાચિનતમ ગિરીમાળા પર જોખમ ઊભું થયું છે. અહીં અરવલ્લી ગિરીમાળાની વાત થઈ રહી છે. દિલ્હીથી ગુજરાત સુધી પથરાયેલા અરવલ્લીના ગિરીમાળા અંદાજે અઢીસો કરોડ વર્ષોથી આ ક્ષેત્રનો અભિન્ન હિસ્સો છે. આ હિસ્સાથી અહીંના જંગલો સમૃદ્ધ છે; અનેક નદીઓના ઉદ્ગમ સ્થાનો આ ગિરીમાં છે અને વન્યજીવસૃષ્ટિનું નિવાસ પણ છે. સાડા છસ્સો કિલોમીટરથી વધારાના આ પહોળા પટ્ટો અગાઉ સુરક્ષિત હતો તેવું જરાય નથી. હરિયાણાથી માંડીને રાજસ્થાનમાં ખાણિયાઓ અરવલ્લીમાં બેફામ પથ્થરો ઉલેચી રહ્યા હતા. પરંતુ હવે જાણે તેને કાયદાથી છૂટછાટ મળી છે. સુપ્રિમ કોર્ટે થોડા દિવસ પૂર્વે આપેલા એક ચૂકાદામાં કહ્યું છે કે હવે અરવલ્લીનો હિસ્સો એટલો ગણાશે જેની ઊંચાઈ 100 મીટરથી વધુ હશે! આ માપદંડ મુજબ તો અરવલ્લીનો નેવું ટકા હિસ્સો સુરક્ષાના રેન્જમાંથી બહાર નીકળી જાય તેવી ભીતિ છે. સુપ્રિમ કોર્ટે આવો ચૂકાદો આપ્યો એટલે દેશભરમાંથી ‘સેવ અરવલ્લી’નો અવાજ ઊઠ્યો છે. તેમાં પર્યાવરણવિદ્, વિજ્ઞાનીઓ, સામાજિક કાર્યકર્તાઓ અને શિક્ષણવિદો જોડાયા છે. સૌ કોઈ એક અવાજે બુલંદ રીતે કહી રહ્યા છે કે કોઈ પણ ભોગે અરવલ્લીને સુરક્ષિત વિસ્તાર જાહેર કરો. સોશ્યલ મીડિયા પર પણ ટ્રેન્ડ જામી રહ્યો છે. પરંતુ સરકાર હંમેશની જેમ કશુંય બોલવા તૈયાર નથી - સરકાર અને અરવલ્લીમાં પોતાનો લાભ જોતાં ઉદ્યોગોને ખ્યાલ છે કે આ વિરોધની વચ્ચે પોતાનું કામ કેવી રીતે કરવાનું છે.

વિશેષ કરીને આપણે વિકાસના માર્ગે હરણફાળ ભરી રહ્યા છે ત્યારથી. અને એટલે 1992માં જ ભારતીય કાયદા અંતર્ગત રાજસ્થાન અને હરિયાણામાં આવેલી અરવલ્લી ગિરીઓમાં માઈનિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમ છતાં માઈનિંગનો દોર અટક્યો નહીં. રાજકીય વગથી માઈનિંગ માફીયાઓએ અરવલ્લીમાંથી સતત માઈનિંગ ચાલુ રાખ્યું. 2003માં કેન્દ્ર સરકારે પણ ઠરાવ્યું કે આ ક્ષેત્રમાં માઈનિંગ પર પ્રતિબંધ લાદવામાં આવી રહ્યો છે. 2004માં સુપ્રિમ કોર્ટે પણ આ જ પ્રકારનો ચૂકાદોય આપ્યો. સુપ્રિમ કોર્ટે તો માઈનિંગ માટે પ્રતિબંધિત વિસ્તારને નિર્ધારીત કર્યો. પરંતુ આ કાયદા- ચૂકાદાને ઘોળીને પી જનારાઓએ અરવલ્લીને કેટલું નુકસાન પહોંચાડ્યું તેનો ક્યાસ ત્યારે નીકળ્યો જ્યારે કાર્ટોસેટ સેટેલાઈટ દ્વારા હાઈ રિઝ્યુલેશન તસવીરો 2013માં આવી હતી. આ નુકસાન એટલું મોટું હતું કે તેની તસવીરો સેટેલાઈટ દ્વારા પણ કેદ થઈ હતી.

અરવલ્લી માટે અવાજ ઉઠ્યો તેમાં સુપ્રિમ કોર્ટનો હાલમાં આવેલો ચૂકાદો છે. આ ચૂકાદામાં પિટીશનર તરીકે ટી. એન. ગોદાવરમન થિરુમુલપાડ છે. આ ચૂકાદો આપીને થોડાં દિવસોમાં નિવૃત્ત થયેલા સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ બી. આર. ગવાઈની વડપણ હેઠળની બેન્ચ છે. તેમાં સૌથી પહેલાં અરવલ્લીના ‘હિલ’[ટેકરી] અને ‘રેન્જ’[શ્રેણી]ને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેનું કારણ સુપ્રિમ કોર્ટે એમ આપ્યું કે તેનાથી અરવલ્લીની સાચવણી વધુ યોગ્ય રીતે થઈ શકે. આ ચૂકાદામાં જે મુદ્દા ટાંકવામાં આવ્યા છે તેમાં ત્રીજા મુદ્દામાં એવું પણ કહેવામાં આવ્યું છે કે અરવલ્લી ગિરીમાળા આગળ વધી રહેલા રણપ્રદેશ સામે ઢાલ છે. અને તેથી નવમાં મુદ્દામાં તેનું મહત્ત્વ સમજાવીને કેવી રીતે કેન્દ્ર સરકારની ‘મિનિસ્ટ્રી ઑફ એન્વાર્યમેન્ટ, ફૉરેસ્ટ ઍન્ડ ક્લાઈમેન્ટ ચેન્જ’અરવલ્લી ગ્રિન વોલનો પ્રોજેકટ લાગુ કર્યો છે તેની વિગત છે. આ પ્રોજેક્ટનો વિસ્તૃત આયોજનની PDF 327 પાનાંની છે. આ આયોજનના અહેવાલમાંથી પસાર થઈએ ત્યારે અરવલ્લી રેન્જની તમામ વિગત તેમાં મળે છે. તેમ છતાં હાલમાં સુપ્રિમ કોર્ટે અરવલ્લીના મામલે સુરક્ષાને ધ્યાને રાખીને ફરી એક વખત અભ્યાસ અને આકલન કરવાનું કહ્યું છે. ‘હિલ’અને ‘રેન્જ’ને સમજવા અર્થે સુપ્રિમ કોર્ટે ખાસ્સા મુદ્દાઓ મૂક્યા છે. આ મુદ્દાઓ સુપ્રિમ કોર્ટે મૂક્યા હશે ત્યારે સ્વાભાવિક છે કે પર્યાવરણ નિષ્ણાતોના મત પણ લીધા હોય. અને સાથે સાથે જ્યારે ચૂકાદો વાંચીએ ત્યારે તેમાંથી એવું ફલિત થાય છે કે સુપ્રિમ કોર્ટને અરવલ્લીની ખૂબ ચિંતા છે. તે દરેક બાબતને નોંધે છે, માઈનિંગ માફીયાઓને ચેતવણી આપે છે, રાજ્ય સરકારોને એક્શન પ્લાન માટે હાકલ કરે છે. પરંતુ ચૂકાદામાં મુદ્દો બને છે તે બાબતે ‘હિલ’અને ‘રેન્જ’સંદર્ભનો છે. ‘હિલ’અને ‘રેન્જ’ને વ્યાખ્યાયિત કરવાનું કામ ખરેખર ‘સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી’દ્વારા થયું છે. અને તે કમિટિની વ્યાખ્યા સુપ્રિમ કોર્ટે ચૂકાદામાં ટાંકી છે. આ કમિટિ સ્વાસત્ત સત્તા ધરાવે છે અને તેના વ્યાખ્યા મુજબ ‘હિલ’એટલે અરવલ્લીના ક્ષેત્રમાં આવનારી જે પણ ટેકરી સો મીટરથી વધુ હશે તેને અરવલ્લી હિલ તરીકે ઓળખી શકાય. અને હિલ તરીકે દર્શાવવામાં કમિટિએ જે અરવલ્લીના ભાગને ગણ્યો છે તેમાં ટેકરી અને તેની સાથે જોવા મળતો ઢોળાવ અને નજીકના ભૂ-ભાગને પણ સમાવિષ્ટ કર્યો છે. ‘અરવલ્લી રેન્જ’વિશે ચૂકાદામાં જે પ્રથમ વાક્ય લખવામાં આવ્યું છે તેમાં બે કે તેનાથી વધુ હિલના 500 મીટરના વિસ્તારને રેન્જ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. ‘હિલ’અને ‘રેન્જ’થી આ વિવાદ વકર્યો છે અને હવે કેન્દ્રના પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ મેદાનમાં આવ્યા છે અને તેમણે ચૂકાદામાં દર્શાવેલા ‘હિલ’અને ‘રેન્જ’માં થયેલી ગેરસમજણ વિશે ન્યૂઝ ચેનલ્સ અને યૂટ્યુબર્સને દોષી ઠેરવ્યા છે. તેઓ કહે છે કે 100 મીટરનો માપદંડને જે રીતે ન્યૂઝ ચેનલ્સ અને યૂટ્યુબર્સને ગણ્યો છે તે પ્રમાણે નથી, બલકે ઉપરની ટોચની ટેકરીના ઢોળાવની ગણતરી કરવામાં આવશે. - મતલબ કે ટેકરીની ઊંચાઈ સીધી ન ગણવી, પણ ઢોળાવથી ગણવી. આ રીતે ગણીએ તો પર્યાવરણ મંત્રીના કહેવા મુજબ અરવલ્લીનો 90 ટકા હિસ્સો સંરક્ષિત થઈ જાય છે. જોકે પર્યાવરણ નિષ્ણાતોની પ્રાથમિક દલીલી એવી છે કે કોઈ પણ પર્વતમાળાને કેવી રીતે ઊંચાઈની રીતે ‘સંરક્ષિત’અને ‘અસંરક્ષિત’વિભાગમાં મૂકી શકાય. અરવલ્લીને બચાવવા માટે વર્ષોથી કાર્ય કરતા હરિયાણા વન વિભાગના અધિકારી એમ. ડી. સિન્હાએ એમ પૂછે છે કે કોઈ પણ ગિરીમાળાને કેવી રીતે તેના ઊંચાઈના માપદંડથી માપી શકાય. તેમણે એમ પણ કહ્યું કે જો અરવલ્લીને આ રીતે ઊંચાઈનો માપદંડ લાગુ પડતો હોય તો દેશની બીજી ગિરીમાળાને પણ એ જ રીતે માપવામાં આવેશે કે કેમ?

અને આ ગિરીમાળાનો વિષય ભૌગોલિક છે અને તેનું અસ્તિત્વ માનવજાત કરતા પણ પહેલાનું છે તો તમારે તેની વ્યાખ્યાયિત કરવાની કોઈ જરૂર નથી. ઉપરાંત સિન્હા એવું પણ ટાંકે છે કે આ બધી કસરત થઈ તેનું એક કારણ માઈનિંગની લોબી ખૂબ મજબૂત છે. તેઓ પોતાના એક દાખલો પણ આપે છે કે જ્યારે હું ગુડગાંવનો વન અધિકારી હતો ત્યારે કેટલાંક અધિકારીઓ એમ કહીને મારી પાસે આવ્યા હતા કે અરવલ્લીનો ભાગ રેવન્યૂમાં નોંધાયેલો નથી, તો અમે તેના અસ્તિત્વને કેવી રીતે માનીએ?

અરવલ્લી વિવાદ વિશેની અહીં રજૂ થયેલી વિગત તો એક સમજણ પૂરતી છે; બાકી અરવલ્લીના નિશ્રામાં જીવાતું જીવન વ્યાપક છે અને તેનો વારસો અકલ્પનીય છે. તેની થોડી છાંટ શબ્દોમાં લાવી શકાય; પણ તેને કશામાં બાંધી ન શકાય. માનવીએ બનાવેલા કાયદામાં પણ નહીં.